## મનઘડંત સૌએ કથા એની કરી,
## ઘા હૃદયના જ્યાં બતાવ્યા સર્વને

એક વાચકમિત્રનો પત્ર છે, “મેડમ, મારી ઉંમર ૩૩ વર્ષની છે. મારાં લગ્ન થયે લગભગ ૧૦ વર્ષ થઈ ગયાં છે. હું અને મારી પત્ની બંને જૉબ કરીએ છીએ. મારી માતા પણ જૉબ કરતી હતી પણ એમણે હમણાં સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી છે, અમારાં સંતાનોને સાચવવા માટે. પિતા હું જ્યારે ફક્ત ૨ વર્ષનો હતો ત્યારે મૃત્યુ પામ્યા હતા. હવે મારા પ્રશ્ન પર આવું. કેવી રીતે કહું, કાંઈ પણ સમજાતું નથી. અત્યારે જે પણ હું કહું છું એ મને હમણાં મહિના પહેલાં જ ખબર પડી છે. મારી માતાની ઉંમર અત્યારે ૫૮ વર્ષની છે. અત્યારે મને એવી ખબર પડે છે કે મારી માતાનો એક વ્યક્તિ જોડે સંબંધ હતો અને એ પણ છેલ્લાં ૩૦ વર્ષથી. હું અહીં એક વાત કહીશ કે એ વ્યક્તિ અમારા ઘરે આવતા-જતા રહ્યા છે અને અમને ઘણી મદદ પણ કરી છે. મારાં જ્યારે લગ્ન થયાં એના થોડા જ મહિનામાં મારી પત્નીને શક ગયો હતો પણ એ મારા અને મારી માતા સાથેના પ્રેમભર્યા સંબંધો જોઈને કંઈ પણ મને પૂછતી ન હતી. એને એવું લાગતું કે, હું ગુસ્સે થઈશ. બીજું એ પણ કહીશ મેડમ કે મારા અત્યાર સુધીના લગ્નજીવનમાં મારી પત્ની જોડે ખૂબ જ ઝઘડા થયા છે અને જ્યારે પણ ઝઘડો થતો ત્યારે હું મારી માતાની સાઇડ લેતો અને ખૂબ ઝઘડો થતો.

હું એટલે માતાની સાઇડ લેતો કેમ કે મને એમ થતું, મારી માતાએ ઘણું દુઃખ વેઠ્યું છે અને જિંદગીમાં પતિનો પ્રેમ પણ નથી મળ્યો. મારી પત્ની તો છેલ્લાં ૧૦ વર્ષથી મૂંઝવણમાં જ હતી કે શું કરવું પણ, જ્યારે મારી છોકરી મોટી થતી ગઈ અને એની સામે ખરાબ છાપ ના ઊભી થાય એ હેતુથી એણે મારી

માતાના ફોન ટેપ કર્યા અને ઘરે થોડી વૉચ રાખી તો ખબર પડી સચ્ચાઈની. મેડમ, આ જ્યારે મને ખબર પડી તો મને એ દુઃખ થાય છે કે અત્યાર સુધી મેં મારી પત્ની જોડે ઝઘડો કર્યો અને મારી માતાની સાઇડ લીધી અને પત્નીને ખખડાવી એ ખૂબ જ ખોટું કર્યું. હવે મને સમજાવો કે મારે મારી માતા જોડે કેવો સંબંધ રાખવો જોઈએ?"

આ પત્ર પછી સૌથી પહેલો સવાલ એ થાય કે, જે બાળકને બે વર્ષની ઉંમરથી ૩૩ વર્ષની ઉંમર સુધી માએ સ્નેહ અને પૂર્ણ સમર્પણથી ઉછેર્યો એ બાળક પુરુષ થતાં જ મા વિશે ન્યાય તોળવા બેસી ગયો? એક માએ પોતાની આખી જિંદગી એટલા માટે ખર્ચી નાખી કે એનો દીકરો પગભર થાય, ભણે અને પૂર્ણ આત્મવિશ્વાસ સાથે સમાજમાં ઊભો રહી શકે. જે મા સંબંધ રાખી શકી એ મા લગ્ન ન કરી શકી હોત? પરંતુ એણે લગ્ન ન કર્યાં કારણ કે, એ પોતાના બે વર્ષના પુત્ર માટે સાવકા પિતા નહોતી ઇચ્છતી... એ માએ આખી જિંદગી નોકરી કરી, કારણ કે એ 'કોઈના' પૈસા કે અહેસાન લેવા નહોતી માગતી. એ મા કદાચ પોતાના પુત્રની જિંદગી અને પિતા વિશેની ઇમેજ અકબંધ રહે એ માટે જીવનભર એકલતાનું દુઃખ વેઠીને જીવતી રહી... એ પુત્ર, અચાનક ૩૩ વર્ષની ઉંમરે માનો ન્યાયાધીશ થઈ ગયો?

આપણા સમાજમાં આ સવાલ રહી રહીને ઊઠે છે. સમય સમયાંતરે લોકો પોતાનાં માતા-પિતા કે એમના વ્યવહાર વિશે ન્યાયાધીશ બનવાનો અધિકાર આપમેળે લઈ લે છે! ખરેખર એક સંતાન તરીકે, મોટા ભાગના લોકોને એ ખબર જ નથી કે એમનાં માતા-પિતાએ કેવા અને કયા સંજોગોમાં એમનો ઉછેર કર્યો છે! આજની સ્થિતિ જોઈને જે સંતાનો પોતાનાં માતા-પિતા વિશે નિર્ણયો કરે છે એ તમામ સંતાનોએ સૌથી પહેલાં તો એનાં માતા-પિતાને સમજવાની જરૂર છે. આપણે બધા જ ક્યાંક ને ક્યાંક આપણાં માતા-પિતા વિશે ન્યાયાધીશ થવાની ભૂલ તો કરીએ જ છીએ. એમણે શું કરવું જોઈતું હતું ને શું નહોતું કરવું જોઈતું, એ વિશે આપણી પાસે ઘણાં મજબૂત અભિપ્રાયો છે. આપણને લાગે છે કે હવે જ્યારે આપણે પુખ્ત થઈ ગયા છીએ ત્યારે આપણી પાસે આપણાં માતા-પિતા કરતાં વધુ જ્ઞાન અને સમજણ છે... આ ગેરસમજ છે. આપણી પાસે વધારે માહિતી હોઈ શકે, આપણે વધારે દુનિયા જોઈ છે, કે આપણું એક્સ્પોઝર થોડું વધુ છે, પરંતુ આપણાં માતા-પિતા કરતાં આપણી પાસે વધુ જ્ઞાન કે સમજણ ન હોઈ શકે, કારણ કે આપણા અનુભવો એમના કરતાં ઘણા ઓછા છે.

લગભગ દરેક સંતાન એમ માનીને જીવે છે કે એમનાં માતા-પિતા જુનવાણી છે, એમની વિચારસરણી અને માન્યતાઓ જરીપુરાણાં, રૂઢિચુસ્ત છે. એ સંતાનો એવું ભૂલી જાય છે કે એમની આધુનિકતા અથવા એમનું ઘડતર આ જ જુનવાણી

માતા-પિતાએ કર્યું છે. એ જ્યાં પહોંચ્યા છે અને જે કંઈ કરી રહ્યા છે એ માટે માતા-પિતાનો આભાર માનવાને બદલે આ સંતાનો ક્યારેક એમનાં માતા-પિતાના જીવન વિશે પોતાના મનઘડંત અર્થ કરીને એમનું અપમાન કરે છે. ખાસ કરીને જ્યારે વિધવા, વિધુર કે ડિવોર્સી માતા-પિતા હોય ત્યારે, બાળક પોતાનાં મા કે પિતા, જેની સાથે રહેતું હોય એને વિશે ખૂબ પઝેસિવ હોય એ સમજી શકાય એવું છે. ભગ્ન કુટુંબનું બાળક બહુ સ્વાભાવિક રીતે અસલામત હોય એ પણ સમજાય છે. માતા કે પિતામાંથી એકને ગુમાવી ચૂક્યા પછી આવું બાળક બીજા પેરેન્ટને - માતા કે પિતાને ગુમાવવા, એને કોઈની સાથે વહેંચવા તૈયાર ન થાય એ પણ સહજ છે. સવાલ એ છે કે પોતાના સ્પાઉસ - જીવનસાથીને ખોઈ બેઠેલી એક વ્યક્તિની ઇમોશનલ અને શારીરિક જરૂરિયાત તો હોય જ છે, પરંતુ સાથે સાથે એને નાના-મોટા નિર્ણય કરવા, વાતો કરવા, સમય પસાર કરવા કે જિંદગીના ઊબડખાબડ રસ્તા પર પ્રવાસ કરવા માટે કોઈના સહારાની પણ જરૂર હોય છે. એકલા હાથે સંતાન ઉછેરવું સહેલું નથી... ખાસ કરીને સ્ત્રી માટે! પુરુષ પાસે કદાચ એનાં માતા-પિતા કે બીજાં લગ્નની પસંદગીનો અવકાશ હોય છે, પરંતુ સ્ત્રી માટે સૌથી ભયજનક બાબત એ છે કે એની જિંદગીમાં પ્રવેશ કરનારો નવો પુરુષ એના બાળકને સ્વીકારશે? એથીયે વધુ મહત્ત્વનો સવાલ એ છે કે એ માણસ, વ્યક્તિ એના બાળક સાથે સ્વાભાવિક અને સહજ રીતે પિતાની જેમ વર્તી શકશે, એની કાળજી લઈ શકશે? એનું બાળક એને પિતા તરીકે સ્વીકારશે? દીકરાની મા હોય એને તો હજીયે કદાચ પોતાના પુત્રને સમજાવવાનું સહેલું પડે, પરંતુ દીકરીની માને એક અજ્ઞાત ભય એવો પણ રહે છે કે એની જિંદગીમાં આવનારો પુરુષ એની દીકરીને 'દીકરી'ની જેમ રાખશે કે પછી જ્યારે દીકરી યુવાન થશે ત્યારે એને આ લગ્ન માટે અફસોસ થાય એવું કંઈક બનશે...

મોટા ભાગના વિધવા, વિધુર કે ડિવૉર્સી માતા-પિતા ફરી લગ્ન નહીં કરવાનું એટલા માટે નક્કી કરે છે કારણ કે એમને એમના સંતાનના આત્મવિશ્વાસની ચિંતા હોય છે. ઊછરી રહેલું બાળક અન્ય વ્યક્તિ સાથે નહીં ગોઠવાય તો એના વ્યક્તિત્વમાં તિરાડો પડશે એવું સમજતાં માતા કે પિતા બીજાં લગ્નની શક્યતાઓને નકારે છે. સંતાને આ વાતને ખૂબ ગંભીરતાથી લેવી જોઈએ અને માતા-પિતાના આ સમર્પણને ખૂબ સન્માન આપવું જોઈએ.

મન્નૂ ભંડારી નામના એક હિન્દી નવલકથાકારના પુસ્તક 'આપકા બંટી' અને જોસેફ મૅકવાનની 'આંગળિયાત' જેવી નવલકથાઓમાં માતા-પિતાનાં બીજાં લગ્ન પછી બાળકની મનઃસ્થિતિનું સુંદર વર્ણન છે. કેટલીયે ફિલ્મો અને નવલકથાઓમાં આપણે માતા કે પિતાનાં બીજાં લગ્ન પછી બાળકના અસ્વીકાર અને અસલામતીની વાતો જોઈ છે. ફિલ્મ ફેસ્ટિવલમાં રજૂ થયેલી, ઍવૉર્ડ જીતી

ચૂકેલી ફિલ્મ 'લિસન અમાયા' પણ આવી જ કથા કહે છે. હજી હમણાં જ રજૂ થયેલી ફિલ્મ 'મૉમ' અને 'ડિયર જિંદગી'માં પણ બાળકો પોતાનાં માતા-પિતાને કેવી રીતે જજ કરે છે એનું સુંદર નિરૂપણ છે. શાહરૂખ ખાન એ ફિલ્મમાં આલિયા ભટ્ટને સમજાવે છે, "આપણે આપણાં મા-બાપને બાળકો તરીકે જજ કરીએ છીએ, પરંતુ ખરેખર જો એમની પરિસ્થિતિ સમજવી હોય તો એમના સમયમાં જઈને, એમની સ્થિતિમાં જઈને સમજવી જોઈએ."

મહત્ત્વની વાત એ છે કે અન્ય વ્યક્તિ પોતાના બાળકને નહીં ચાહી શકે એમ માનીને માતા-પિતા લગ્ન નથી કરતાં. પરંતુ એમની ઇચ્છા, ઝંખના કે એષણા પણ મરી જાય એવી શરત તો ન મૂકી શકાય! મા-બાપની સમજદારીને સન્માન આપવાને બદલે સંતાનો એમના આવા નાનકડા સ્નેહાળ અને સહારા જેવા સંબંધને 'શક'ની નજરે જુએ છે. એમને લાગે છે કે એમનાં માતા-પિતાના ચારિત્ર્યમાં આવા સંબંધથી મોટો ડાઘ લાગ્યો છે. માતા કે પિતાએ પરસ્ત્રી કે પરપુરુષ સાથે સંબંધ રાખીને એમના મૃત્યુ પામેલા કે છૂટાછેડા આપીને ચાલી ગયેલા જીવનસાથી સાથે 'દગો' કર્યો છે.

સાચું પૂછો તો જે છે જ નહીં એની સાથેની વફાદારીનો આગ્રહ કોઈ પણ સંતાન કેવી રીતે રાખી શકે? બીજો સવાલ એ છે કે નાની ઉંમરના અણસમજુ સંતાનને માતા-પિતા આવા કોઈ સંબંધ વિશે કેવી રીતે કહી શકે? ખરેખર તો જો આવા સંબંધ વિશે કહી શકાય અને સંતાન સ્વીકારવા તૈયાર થાય તો પણ જે માતા-પિતા લગ્ન કરતાં અચકાય કારણ કે એને પોતાના સંતાનની સલામતી અને આત્મવિશ્વાસની ચિંતા છે... એવાં માતા-પિતાના સમર્પણને સલામ કરવી જોઈએ.

શક્ય છે કોઈ દિવસ ભૂતકાળનાં પાનાં ઊઘડે, શક્ય છે કોઈ દિવસ માતા-પિતાએ નહીં કહેલું કશુંક આપણને સંતાન તરીકે જાણવા મળે... આવું બને ત્યારે એમણે આવું શું કામ કર્યું અથવા કરવું જોઈતું હતું કે નહીં એ વિશે ન્યાયાધીશ બન્યા વગર એક વાર પાછા ફરીને ભૂતકાળમાં પોતાની એ સમયની માતા કે પિતા પર સંપૂર્ણપણે આધારિત માનસિકતા અને એ સમયની અસલામત મનોદશા વિશે વિચારવું જોઈએ... જે માતા કે પિતાએ પોતાની આખી યુવાની કે યુવાનીનાં કેટલાંક વર્ષો સંતાનના ઉછેરમાં સંપૂર્ણ સમર્પણથી ખર્ચી નાખ્યાં એ માતા-પિતાએ આ બધાંય વર્ષોમાં કદાચ થોડાક કલાક પોતાના અંગત સુખ માટે સંતાનને આછો અણસાર પણ ના આવે એટલી ઋજુતા અને સાવધાનીથી સરકાવી લીધાં હોય તો એ માતા-પિતા ગુનેગાર નથી, બલ્કે એમને પ્રણામ કરીને એમના વીતેલાં વર્ષોના અભાવ સાટે એમને સ્નેહ અને આદર આપવા એ સંતાનની ફરજ છે.

❑ ❑ ❑

# ‘મહેમાન’ એટલે મજા કે મગજનો દુખાવો?

“હું થોડા દિવસ તમારા ઘરે રહી શકું?” અમેરિકાથી એક મિત્રએ પૂછ્યું... જેણે જવાબ આપવાનો છે એને માટે આ સ્થિતિ બહુ અઘરી થઈ ગઈ, કારણ કે, પૂછનાર નિકટનો મિત્ર છે. ઘર પણ મોટું છે. એને સ્પષ્ટ ના પાડવાની પરિવારની તૈયારી નથી... કારણ કે, આપણી સંસ્કૃતિ અને સભ્યતા ‘અતિથિ દેવો ભવઃ’ શીખવે છે. એમાં કંઈ ખોટું પણ નથી. આપણે બધા જ ઘેર આવેલા મહેમાનની સરભરા કરવામાં આનંદ અનુભવીએ છીએ. ઘેર કોઈને આમંત્રિત કરવામાં આપણને મજા પડે છે... આપણો ઉછેર, આપણા સંસ્કાર અને આપણી ભારતીયતા પણ મહેમાનનવાજીમાં માને છે. તેમ છતાં, હવે બદલાયેલા સમયમાં કોઈ ‘રહેવા’ આવવાનું કહે તો જરા અઘરું પડે છે. બદલાયેલા સમયમાં દરેકની લાઇફ સ્ટાઇલ વધુ ને વધુ સંકુલ થતી જાય છે. જિંદગીઓ વધુ ને વધુ સ્વકેન્દ્રી બનતી જાય છે.

એક પરિવારમાં જે ખર્ચ થતો હતો એનાથી ઘણો વધુ ખર્ચ હવે થવા લાગ્યો છે. બાળકોના ભણવાનો બોજ પણ વધ્યો છે. સહુનાં પોતપોતાનાં ‘સોશિયલ સર્કલ’ પણ વિસ્તરવા લાગ્યાં છે. કામ અને બિઝનેસનો સ્ટ્રેસ હવે ઘણો વધારે છે. સવારના ભાગમાં કામે જતાં પહેલાં કે સ્કૂલ જતાં પહેલાંનું વાતાવરણ કોઈ યુદ્ધના મેદાન પર જતા હોય એવું વાતાવરણ હોય છે. આમાં કોઈનો વાંક કાઢવા જેવો નથી પણ ટ્રાફિક અને બીજી સમસ્યાઓએ આપણી રોજિંદી જિંદગીને ઘણી બદલી છે, એ સ્વીકાર્યા વગર છૂટકો નથી. થોડાં વર્ષો પહેલાં ભારતના પરિવારોની મનઃસ્થિતિ અને આજની તારીખે ભારતીય પરિવારોની મનઃસ્થિતિમાં આસમાન-જમીનનો ફેર છે. જે લોકો

આજથી થોડાં વર્ષો પહેલાં પરદેશ ગયા એ બધા હજીયે જૂની માનસિકતામાં જીવે છે. એમને લાગે છે કે એ ગયા ત્યારે આ દેશમાં જે પરિસ્થિતિ હતી એ જ પરિસ્થિતિ કદાચ હજુયે છે... આજથી ૧૫-૨૦ વર્ષ પહેલાં ઘેર આવતા મહેમાનો કંપની, મજા અને વૅકેશનની નિરાંત લઈને આવતા. મોસાળ જવાનો એક અદ્ભુત રિવાજ થોડાં વર્ષો પહેલાં હતો. બાળકો પણ વૅકેશનની પ્રતીક્ષા કરતાં હોય. મામાને ઘેર જવાનું, મજા કરવાની, ખાવા-પીવાનું અને મા માટે પિયરનો આરામ... એ વખતે મામીનું શું થતું હશે એવો વિચાર કોઈને આવતો જ નહીં, મામી પોતે પણ આવો વિચાર કરતી નહીં.

હવે દરેક વ્યક્તિને 'પોતાની સ્પેસ' જોઈએ છે. સતત કોઈ વાતો કરે કે પોતાની પાસે અપેક્ષા રાખે એ મોટા ભાગના લોકોને ગમતું નથી ને પોષાતું પણ નથી. આજથી એક-દોઢ દાયકા પહેલાં એવો સમય હતો જ્યારે મિત્રને ઘેર મિત્ર કે સગાંને ઘેર સગાં આનંદથી અઠવાડિયું રહેવા જઈ શકતાં... કેટલીક વાર કોઈ અજાણ્યા શહેરમાં જવાનું હોય અને કોઈ ઓળખીતાનાં સગાં કે મિત્ર રહેતાં હોય તો પણ સાવ સહજતા કે સ્વાભાવિકતાથી એક-બે દિવસ એમને ઘરે રહેવા જઈ શકાતું. કોઈ બીજા શહેરમાં કામ હોય, નોકરીસંબંધી કે વ્યવસાયસંબંધી પ્રવાસ હોય તો પણ સગાંને ઘરે ન રોકાઈએ તો ખોટું લાગે એવો એ સમય હતો! હવેના સમયમાં કોઈ 'ઘરે રહેવા આવવા' તૈયાર થાય તો ડર લાગે છે. કોણ એમને સાચવશે? કેવી રીતે બધું ગોઠવાશે ? એવા સવાલો પજવવા લાગે છે...

આનું મુખ્ય કારણ એ છે કે હવે સંયુક્ત પરિવાર રહ્યા નથી. મોટા ભાગના ઘરમાં, ખાસ કરીને શહેરોમાં પતિ-પત્ની બંને વર્કિંગ કપલ છે. આખું ઘર સવારના બંધ થઈ જાય, તે સાંજે ખૂલે. આખા દિવસના માણસ હવે મળતાય નથી ને કોઈ રાખતુંય નથી. મોટા ભાગનાં ઘરોમાં છૂટક કામવાળા હોય છે... એમને મહેમાન સામે વાંધો હોય છે. વારંવાર મહેમાન આવવા લાગે તો કામ કરનારા લોકો કામ છોડી દે તેવા કિસ્સા પણ શહેરોમાં બને છે! શનિ-રવિ હવે બધા માટે આરામનો સમય છે. આખા અઠવાડિયાની થાકેલી મા, ગૃહિણી કે વર્કિંગ વુમનને રજાના દિવસે 'વધારા'નું કામ કરવું પડે એ હવે અનુકૂળ નથી...

હવે જે મહેમાનો આવે છે એમને જમાડવા કે રાખવામાં પણ ખાસું સ્ટ્રૅસ ઊભું થાય છે. કોઈક ડાયેટ કરતું હોય, તો વળી કોઈકને અમુકતમુક વસ્તુઓ ન ખાવી હોય... જેને જમવા બોલાવ્યા હોય એના સ્ટેટસ મુજબ કે જે રહેવા આવે એના સ્ટેટસ મુજબની સગવડો સચવાવી જોઈએ, એવો મહેમાનનો આગ્રહ હોય. પોતે પોતાના ઘરમાં શું ખાય છે કે કઈ રીતે રહે છે એવી વાતો કરીને ઘણા લોકો પોતાને મહેમાન તરીકે શી અગવડ પડી રહી છે એ કહેતાં પણ અચકાતા નથી... આવું બને ત્યારે હોસ્ટને, યજમાનને ઘણી તકલીફ થતી હોય છે.

પહેલાંના સમયમાં પ્રદર્શન અને દેખાડાનો ભાવ બહુ ઓછો હતો. સારામાં સારી ક્રૉકરી કાઢવી, ટેબલ સજાવવા કે સફેદ દૂધ જેવી ચાદરો પાથરવાનો કોઈ રિવાજ નહોતો. મહેમાન આવે તે પણ પરિવારનો હિસ્સો બનીને આવે અને પરિવાર રહેતો હોય તેમ રહે! ઘરના સભ્યો જે જમતા હોય એ જ જમાડવામાં ગૌરવ હતું અને મહેમાન પણ એ જ ભોજનનો સ્વાદ માણતા. બદલાતા સમય સાથે આ પ્રદર્શનની વૃત્તિ વધુ ને વધુ તેજ થવા લાગી છે. કોઈ મહેમાન આવે ત્યારે એમને ઘર બતાવવું, સારી ક્રૉકરી કાઢવી, રોજ ન જમતા હોઈએ એવું ભોજન બનાવવું, વગેરે ધીરે ધીરે ટ્રેન્ડ થતો જાય છે. સામેના માણસને આંજી દેવા માટે એને મહેમાન બનાવવામાં આવે છે. કેટલાય લોકો જેમનાં ઘરો નાનાં છે એ પોતાના મહેમાનને બહાર, રેસ્ટોરાંમાં જમાડવાનું પસંદ કરવા લાગ્યા છે. પરિવારના ચાર સભ્યો રહેતા હોય, બે કે ત્રણ બેડરૂમના ઘર હોય ત્યારે એક વધારાનો માણસ જો 'રહેવા' આવે તો ઘરના સભ્યોની રૂટીન જિંદગી ગૂંચવાઈ જાય છે.

આજના સમયમાં બાળકોને પોતાના રૂમ જોઈએ છે. સહુ મોડા ઊઠે છે એટલે સહુને પોતાની સગવડ પણ જોઈએ જ છે... કામે જવાનું હોય એટલે સવારના સમયમાં નિરાંત ભાગ્યે જ હોય. મોટા ભાગનાં ઘરમાં લંચ-બપોરનું ભોજન બનતું નથી. એવા સમયમાં જ્યારે મહેમાન રહેવા આવે ત્યારે ગૃહિણીની જવાબદારી ઘણી વધી જાય છે. મહેમાનની જરૂરિયાતો અને સગવડોનો ખ્યાલ રાખવો અઘરો પડે છે. એમાંય જ્યારે મહેમાન અમુક પ્રકારની સમજણ વગરના હોય ત્યારે તો ગૃહિણી સહિત આખો પરિવાર મુશ્કેલીમાં આવી જાય છે. આપણે પરિવારના કે નિકટના સ્વજનની વાત કરીએ ત્યારે કોઈ વાંધો નથી આવતો, પરંતુ જ્યારે આવા 'એનઆરઆઇ મહેમાન' આવે ત્યારે એવી અપેક્ષા હોય છે કે આપણે સતત એમની સેવામાં હાજર રહીએ, સમય આપીએ અને એમને જ્યાં જવું હોય ત્યાં લઈ જઈએ, એમની સાથે શૉપિંગ વગેરેમાં પણ કંપની આપીએ...

એ વૅકેશન પર આવ્યા હોય એટલે એમને માટે મોડી રાત અને મોડી પડતી સવારો સ્વાભાવિક છે... એ એમના પ્લાન બનાવીને આવ્યા હોય. એમને જે ખાવું હોય, હરવુંફરવું હોય એ બધા વિશે એમના મનમાં નિશ્ચિત ઇચ્છાઓ અને ડિઝાઇન હોય. સાથે સાથે એમનું 'સોશિયલ' તો ખરું જ... એ બધાની વચ્ચે જેના ઘરમાં રહેવાના હોય એને ઍડ્જસ્ટમેન્ટ કરવાનું. મોટા ભાગના એનઆરઆઇ મહેમાનો જ્યારે ભારત આવે છે ત્યારે એવું ધારીને આવે છે કે એમણે માગેલો સમય અહીં રહેતા બધા લોકોએ આપવો જ પડે... મહત્ત્વનું એ છે કે જે લોકો અહીં નથી રહેતા એમને આપણી બદલાયેલી લાઇફ સ્ટાઇલ અને વધુ ને વધુ

સંકુલ થતા જતા જીવન વિશે સમજણ ઓછી છે. એ પોતાની અપેક્ષા પ્રમાણે, અને પોતે વિતાવેલા દિવસોની યાદ લઈને આવે છે. એમની અપેક્ષાય ખોટી નથી ને અહીં રહેનારા લોકોની તકલીફ પણ ખોટી નથી!

એક સમય હતો જ્યારે લગ્નપ્રસંગે સગાંઓનું હોવું બહુ જ મહત્ત્વનું માનવામાં આવતું. અઠવાડિયા, દસ દિવસ પહેલાંથી સગાંવહાલાં આવે, એકબીજાંની સાથે રહે અને પ્રસંગ માણે એવું સહુને ગમતું. ઉત્સવ કે તહેવારો પણ એકબીજાંની સાથે ઊજવવાનું એક આકર્ષણ રહેતું. નવાઈની વાત એ છે કે, આટલા પ્રવાસ પછી હું એવું સમજી છું કે આપણા દેશમાં તહેવારો એટલા આનંદ કે ઉત્સાહથી નથી ઊજવાતા જેટલા વિદેશોમાં ઊજવાય છે. હવે આપણે દિવાળીએ બહારગામ જવાનું પસંદ કરીએ છીએ. હોળી, ધૂળેટી કે જન્માષ્ટમીના તહેવારોએ, ગણેશ સ્થાપન કે નવરાત્રિમાં હવે કોઈને બહુ રસ નથી રહ્યો... બીજી તરફ લગ્નો, એ ધીમે ધીમે ઉત્સવમાં બદલાતા જાય છે. બે-ચાર-પાંચ, તો ક્યારેક સાત દિવસના ઉત્સવમાં લગ્નો ગોઠવાય છે. ડેસ્ટિનેશન વેડિંગ પણ કદાચ એટલે જ કરવામાં આવે છે કે ઘરના લોકો પણ લગ્નનો પ્રસંગ માણી શકે અને કોઈના માથે બોજ ન પડે.

સમાજની સાઇકૉલૉજી સમજાય તો કદાચ આપણે સમજી શકીએ કે કોઈને ત્યાં મહેમાન થઈને જવું એ પણ એક કળા છે. સામેની વ્યક્તિ આપણા આગમનની પ્રતીક્ષા કરે છે કે આપણા જવાની એનો આધાર એની માનસિકતા પર તો હોય જ, પરંતુ એથી વધારે કદાચ આપણા વર્તન ઉપર હોય છે. કેટલાક મહેમાનો જ્યારે વધુ પડતી અપેક્ષા રાખે, સગવડો માગે, કંપનીની આશા રાખે કે એમની હાજરીથી જ આપણને બોજ લાગવા માંડે ત્યારે એ મહેમાન નહીં પણ, મગજનો દુખાવો બની જાય છે... આપણે જો કોઈને ત્યાં જઈએ તો એટલું જરૂર યાદ રાખવું કે કોઈ આપણે ત્યાં આવે ત્યારે શું નહોતું ગમ્યું અથવા શું નથી ગમતું... બની શકે તો એટલું તો ન જ કરવું!

□ □ □

# ભિન્નતાની ભવ્યતા, જુદાપણાનો જલસો!

એક વાચક બહેનનો પત્ર છે, “મારા પતિ ખૂબ જ સારા છે. મને પૈસા વાપરવાની ક્યારેય ના નથી પાડતા... પરંતુ મારા જન્મદિવસે, એનિવર્સરીના દિવસે કે વલેન્ટાઇન ડેના દિવસે મારે માટે ભેટ ખરીદવાને બદલે એ મને ગિફ્ટ વાઉચર આપે છે. એ કોઈ દિવસ મારે માટે કોઈ ‘વસ્તુ’ નથી લાવતા.”

એવી જ રીતે એક માએ ફરિયાદ કરી, “મારો દીકરો મને પૈસા આપે છે, ક્યારેક તો ન જોઈએ તો પણ આપે છે. પરંતુ મારા જન્મદિવસે ક્યારેય મારી સાથે જમવા આવતો નથી. મારે જેની સાથે જવું હોય એની વ્યવસ્થા કરે, પૈસા આપે પણ સાથે ન આવે... લગ્નમાં કે કોઈ પણ સોશિયલ ફંક્શનમાં એ મારી માટે ગાડી, ડ્રાઇવર ફ્રી કરી દે પણ મારી સાથે ન આવે...” એક બહેને ફરિયાદ કરી, “મારો ભાઈ દર રક્ષાબંધને રાખડી બંધાવતાં પહેલાં પૂછે છે, આ રાખડી બાંધીશ તો જ આપણી વચ્ચે પ્રેમ રહેશે? એ સામાન્ય રીતે મારે ઘરે ભાઈબીજના જમવા આવતો નથી અને એવી દલીલ કરે છે કે, મને આવા બધા તહેવારોમાં રસ નથી. મારે માટે તો રોજ જ એક તહેવાર છે.”

એક દીકરી હંમેશા કહે છે, હું ગમે તેટલું સારું કામ કરું પણ પપ્પા કોઈ દિવસ ઉત્સાહમાં આવીને વખાણ કરે જ નહીં. એ એવું જ શોધી કાઢે કે આમાં ક્યાં કચાશ હતી, શું ભૂલ હતી. આટલાં વર્ષોમાં મારા પપ્પાએ કોઈ દિવસ મને ભેટીને

વહાલ કર્યું હોય એવું મને યાદ નથી. એમને લાગણી ખૂબ છે પણ એ લાગણી બતાવતાં એમને તકલીફ પડે છે, એવું કેમ? મારી મમ્મી વારંવાર કહે છે કે, 'ઘરમાં કશું સારું બન્યું હોય તો પપ્પા તને યાદ કર્યા વિના રહે નહીં...' તેમ છતાં, પપ્પા ક્યારેય દેખાડે નહીં કે કેટલો પ્રેમ કરે છે. એવું કેમ? પ્રેમ દેખાડવામાં કંઈ નબળાઈ છે?

પુરુષોને લાગે છે કે લાગણીની અભિવ્યક્તિ, તારીખો યાદ રાખવી, એને અમુકતમુક રીતે ઊજવવી કે અમુક પ્રકારના મુખર વર્તન 'વેવલાવેડા' છે. પત્ની ગજરો પહેરે એ ગમતું હોય તો પણ ગજરો લઈ ઘેર જવામાં કેટલાક પુરુષોને શરમ આવે છે... પોતાના મિત્રોની સામે પત્નીની રસોઈનાં વખાણ કરવાં, એની સમજદારીના કે એની કાળજીના ગુણ ખૂલીને કહેવામાં પુરુષોને 'બૈરાં માથે ચડી જવાની' બીક લાગે છે. પત્નીની સુંદરતા, એની સર્જકતા કે એની પરિવારની કાળજી લેવાની આવડત એની બાળક સાથે ડીલ કરવાની સમજદારી કે પતિને સાચવી લેવાની સમજણ આ બધું મોટા ભાગની સ્ત્રીઓને આવડતું જ હોય છે, પરંતુ આ બધી બાબતો વિશે સ્ત્રીને એક જ અપેક્ષા હોય છે, એ જે કંઈ કરી રહી છે તેની નોંધ લેવાય! વખાણ થાય એ જરૂરી નથી... પણ પોતે પોતાની જાતને ઘસીને, ક્યારેક મનને મારીને, પોતાના કાર્યક્રમો કૅન્સલ કરીને, પોતાની ઇચ્છાને બાજુએ મૂકીને, પોતાના ગમા-અણગમા અને કેટલીક વાર તો માન-સ્વમાનને પણ બહુ મહત્ત્વ નહીં આપીને એક સ્ત્રી પોતે જેને ચાહે છે એને ખુશ રાખવાનો પ્રયાસ કરે છે. સામે એટલી જ અપેક્ષા હોય છે કે પોતે જેને ચાહે છે તે પુરુષ, પિતા, ભાઈ, પ્રેમી, પતિ કે પુત્ર... પોતે જે કંઈ કરી રહી છે તેની નોંધ લે. પોતાના અસ્તિત્વને ઓગાળીને એણે જે સમર્પણ કર્યું છે એ સમર્પણ પુરુષની નજર બહાર તો નથી ને? આ પ્રશ્ન સ્ત્રીને સતત અજાણપણે થયા કરે છે. ભણેલી હોય કે અભણ, કમાતી હોય કે ગૃહિણી, પરણીને આવેલી નવવધૂ હોય કે લગ્નનાં પચીસ વર્ષ વિતાવી ચૂકેલી પ્રૌઢા, એની અપેક્ષા માત્ર પોતાના પ્રિયજનના મુખેથી પોતે જે કંઈ કરી રહી છે તેનું એપ્રિસિયેશન અથવા સ્વીકાર... એટલી જ હોય છે. પુરુષને લાગે છે કે, 'બધાં પોતાનું કામ કરે છે. એમાં વળી વારેવારે કહેવાનું શું?' મોટા ભાગના પુરુષોને લાગે છે કે, એમનું સહઅસ્તિત્વ જ અભિવ્યક્તિ છે. પિતા પોતાના પરિવારની કાળજી લે. એમને માટે ભોજન, સલામતી, ભવિષ્યના પ્લાનિંગ કરે કે પોતાનાં સંતાનોના અભ્યાસ અને સેટલમેન્ટ વિશે ચિંતા કરે. એ જ એમનો પ્રેમ છે. કેટલાક ભાઈઓ પણ માને છે કે, બહેનને જ્યારે જરૂર હોય ત્યારે હું ઊભો રહું એ પ્રેમ, રોજ રોજ ફોન શું કરવાના? પતિઓ પણ એમ માને છે કે, હું એની સાથે રહું છું, એની સગવડ સાચવું છું, એને માન આપું છું એ જ મારો પ્રેમ છે. સ્ત્રીની અપેક્ષા આનાથી થોડીક વધુ છે,

થોડી મુખર, થોડી ઊઘડીને આવતી, થોડી શબ્દોમાં અને થોડી સ્પર્શમાં થતી અભિવ્યક્તિ, ક્યારેક નાના નાના સરપ્રાઇઝિસ તો ક્યારેક વણમાગ્યે મળી જતો સમયનો મોટો બધો લહાવો... ક્યારેક થોડાંક વખાણ તો ક્યારેક નાનકડી મજાક, આ જ સ્ત્રી માટે 'પ્રેમની અભિવ્યક્તિ' હશે, કદાચ! પુરુષ માટે આ બધું સહેલું નથી છતાંય, ઘણા પુરુષો 'ગૃહશાંતિ' ખાતર આ કરે પણ છે. સવાલ એ છે કે, પુરુષ માટે જે અભિવ્યક્તિ પરાણે કરવી પડતી કંટાળાજનક પ્રવૃત્તિ છે એ સ્ત્રી માટે એના પ્રાણવાયુ જેટલી મહત્ત્વની. એના અસ્તિત્વને ટકાવનારી બાબત છે!

કેટલાક પુરુષો એવી દલીલ કરે છે કે, જે મારો સ્વભાવ નથી, જે મારી પ્રકૃતિ નથી એ હું શું કામ કરું? કેટલાક પુરુષોને લાગે છે કે, પત્ની કે પ્રેમિકા પરત્વે ઋજુ થવાથી, કૂણા થવાથી જાતને એક્સ્પ્રેસ કરવાથી એમનું પુરુષત્વ ઘસાશે, એમની પ્રેમિકા કે પત્ની એમને ટેકન ફૉર ગ્રાન્ટેડ લેતી થઈ જશે અથવા તો પછી એ એકાદ વાર આવું પત્નીને ખુશ કરવાનું પ્રયોજન કરશે એ પછી પત્ની કે પ્રેમિકા અવારનવાર આવી અપેક્ષા રાખતી થઈ જશે... આ બધા માનસિક ભય છે, ઊભા કરેલા. કડક હોવું, કઠણ હોવું, તોછડા હોવું એ પુરુષ હોવાની શરત છે - આવું જે પુરુષો માનતા હોય એ પોતાની જ જાત પરત્વે કેટલા મોટા ભ્રમમાં જીવે છે! ઋજુતા તો માણસમાત્રનો ગુણ હોવો જોઈએ, એમાં સ્ત્રી-પુરુષનો ભેદ શેને માટે? વિજ્ઞાન પણ કહે છે કે, સ્ત્રીમાં થોડો પુરુષ અને પુરુષમાં થોડી સ્ત્રી છે. એક્સ એક્સ અને એક્સ વાય ક્રૉમોઝમ્સ કે પછી યિન અને યેંગ એ ચાઇનીઝ ફિલૉસૉફી પ્રમાણે એકબીજાની વિરુદ્ધ છતાં એકબીજાની સાથે જોડાયેલા ફૉર્સિસ છે. આપણે ત્યાં પણ અર્ધનારીનટેશ્વરની કલ્પના છે. આ બધાનો અર્થ એ થયો કે, સ્ત્રીમાં પુરુષની તાકાત, શક્તિ અને સ્ટ્રૅન્થ છે, જ્યારે પુરુષમાં સ્ત્રીની ઋજુતા છે. એક સંપૂર્ણ વ્યક્તિત્વ ત્યારે જ ઊભું થઈ શકે છે જ્યારે એક શરીરની ભીતર બંને ભાવોનું બૅલેન્સ હોય. માત્ર ઋજુતા, રુક્ષતા કે સખ્તાઈ વ્યક્તિત્વને પૂર્ણ નથી કરતી, સમય સમયાંતરે એક વ્યક્તિ પોતાના ભાવને ભિન્ન રીતે ગોઠવી શકે, પ્રદર્શિત કરી શકે તો જ એક વ્યક્તિત્વની સંપૂર્ણતા ઉજાગર થાય છે.

ઘણી સ્ત્રીઓ એવી ફરિયાદ કરે છે કે એ પોતે પ્રેમનું પ્રદર્શન કરે કે પોતાના સ્નેહને ભિન્ન ભિન્ન પ્રકારે વ્યક્ત કરે એ પણ એમના પતિ કે પુરુષને ગમતું નથી. કોઈ સરપ્રાઇઝ પાર્ટી કે સરપ્રાઇઝ પ્લાન મોટા ભાગના પુરુષોને વિચલિત કરી નાખે છે. પ્લાન ન કર્યું હોય એવું કંઈ પણ પુરુષને ગૂંચવે છે... પત્નીઓ ફરિયાદ કરે છે કે, એમની બર્થ ડે કે એનિવર્સરી નિમિત્તે અચાનક કશું ગોઠવ્યું હોય એવી પાર્ટી કે પ્રવાસ પુરુષને બહુ અનુકૂળ આવતો નથી. પતિ ખુશ થવાને બદલે ક્યારેક ચિડાઈ જાય એવું પણ બને છે. આનાં કારણો બહુ સમજવા જેવાં છે. સ્ત્રી હૃદયથી વિચારે છે. લાગણીપ્રધાન ઇમોશનલ છે, જ્યારે પુરુષ લૉજિકલ છે,

બુદ્ધિપ્રધાન છે. એનું મુખ્ય તત્ત્વ લૉજિક અથવા તર્કશાસ્ત્ર પર રચાયું છે, જ્યારે સ્ત્રીનું મુખ્ય તત્ત્વ લાગણી અથવા હૃદયના શાસ્ત્ર પર રચાયેલું છે. હૃદયની ગણતરી આવડતી નથી ને મગજ ગણતરી કર્યા સિવાય રહી શકતું નથી. સ્ત્રી-પુરુષ જ્યારે પ્રેમમાં પડે છે, એકબીજાં પરત્વે આકર્ષાય છે કે એકબીજાંને ચાહવા લાગે છે, સાથે જીવવાનો વિચાર કરે છે ત્યારે દરેક વખતે એવું બને છે કે, સ્ત્રી-પુરુષના સંબંધમાં એ વખતે પુરુષ લાગણીપ્રધાન થઈ જાય છે. આપણે બધાએ પ્રેમમાં પડેલા પુરુષને જોયો છે... પ્રેમમાં પડેલો પુરુષ ક્યારેય સ્ત્રી કરતાં વધુ ઇમ્પલ્સિવ અને સ્ત્રી કરતાંય વધુ ઇલ્લોજિકલ થઈ જાય છે. એ વખતે એની અંદરનું સ્ત્રીતત્ત્વ વધુ પ્રધાન ભાવ ભજવે છે. લગ્ન થઈ જાય અથવા એ જે સ્ત્રીને પ્રાપ્ત કરવા ઇચ્છતો હોય એ સ્ત્રી એને પ્રાપ્ત થઈ જાય એ પછી પુરુષ અચાનક પ્રેક્ટિકલ અથવા બુદ્ધિપ્રધાન થઈ જાય છે. એને એ જવાબદારીનું ભાન થાય છે જે એણે પોતાની ઇચ્છા અને મરજીથી સ્વીકારી છે. હવે માત્ર લાગણીપ્રધાન થયે નહીં ચાલે, એ વાત એને સમજાય છે... જ્યારે સ્ત્રી પ્રેમમાં હોય ત્યારે બહુ પ્રેક્ટિકલ હોય છે. એ હંમેશા સમજી-વિચારીને, ગણતરી કરીને પોતાના જીવનનો નિર્ણય કરવાનો પ્રયાસ કરે છે. (આ પ્રયાસ દરેક વખતે સાચો અને સફળ હોય એવું જરૂરી નથી). મોટા ભાગની સ્ત્રી-છોકરી જ્યારે પ્રેમમાં પડે ત્યારે એ પોતાની જાત પર અદ્ભુત નિયંત્રણ રાખી શકે છે. એ પ્રેમમાં હોય ત્યારે બૅલેન્સ અને સાચું વિચારવાનો પ્રયત્ન તો કરે જ છે. આ એની ભીતરનું પુરુષ પ્રધાનતત્ત્વ છે, પરંતુ જ્યારે લગ્ન થાય કે એને જોઈએ તે પુરુષ પ્રાપ્ત થઈ જાય એ પછી સ્ત્રી પુરુષ પર આધારિત થઈ જાય છે. સ્વયંને મુક્ત કરી દે છે અને હૃદયથી વિચારવા માંડે છે.

કુદરતે કરેલી આ અદ્ભુત રચના સમજવા જેવી છે... જે સમજી શકે એને જીવનનો અને સ્નેહનો મર્મ સમજાય છે. પ્રેમમાં પડેલો પુરુષ અને પરણેલો પુરુષ, પ્રેમમાં પડેલી સ્ત્રી અને પરણેલી સ્ત્રી વચ્ચે જે મુખ્ય તફાવત છે તે સમજાઈ જાય તો પતિ-પત્ની કે પ્રેમી-પ્રેમિકાને એકબીજા પરત્વે ઓછામાં ઓછી ફરિયાદ કરવાની જરૂરત પડે. પ્રકૃતિએ રચેલાં આ ભિન્ન તત્ત્વોની તદ્દન ભિન્ન સુંદરતાને જે સમજી શકે, એથી આગળ જઈને જે સ્વીકારી શકે એના સંબંધોમાં ક્યારેય તિરાડ ન પડે એવું નક્કી છે. જગતના ચક્રની જેમ પ્રેમના ચક્રની ઋતુઓ પણ બદલાય છે. સતત વસંત નથી રહેતી એ સમજીને જે પાનખરને આવકારે છે એના પ્રણયમાં ફરી વસંત આવી જ પહોંચે છે!

□ □ □

# હોય તો એ ક્યાંયથી પણ સાંપડે એવું બને

નરસિંહ મહેતાથી શરૂ કરીને ગઈ કાલે સાંજે ફેસબુક પર અપલોડ થયેલી સાવ તાજી કવિતા સુધી સૌની વાત લાગણી સાથે જોડાયેલી છે. ગમા-અણગમા, પ્રેમ-તિરસ્કારના કેટલાય સંબંધો આપણી આસપાસ રોજ હોય જ છે, એ સંબંધોને દરેક માણસ યોગ્ય રીતે સમજી શકતો નથી. આપણે બધા જ ક્યાંક ને ક્યાંક ઇમોશનલ માણસો છીએ. લાગણી વિના આપણને કોઈને ચાલતું નથી. રસ્તે રખડતું કૂતરું પણ જો પ્રેમથી હાથ ફેરવીને પુચકારીએ તો આપણા આંગણામાં બેસી રહે છે ને બે-ચાર વાર લાત મારીએ તો આપણને જોતાંવેંત ભસવા લાગે છે. માણસનું આનાથી જુદું નથી. સ્નેહનો સંબંધ માણસમાત્રને નબળા અથવા શક્તિશાળી બનાવે છે. એકાદ દાયકા પહેલાંની હિન્દી ફિલ્મોમાં જ્યારે હીરો હાથમાં ન આવે ત્યારે એની મા, બહેન કે પ્રેમિકા-પત્નીને વિલન ઉઠાવી જાય... ગમે તેટલો મજબૂત અને બળવાન હીરો હોય પણ એ પોતાના અંગત વ્યક્તિ કે સ્વજનની તકલીફ જોઈ ન શકે એટલે વિલનના હાથમાં આવી જાય! સવાલ એ છે કે આ લાગણી, ઇમોશન, પ્રેમ, બંધન, કમિટમેન્ટ જે આપણે કહેવું હોય તે, પણ એ માણસની ધોરી નસ છે, એની જીવાદોરી, એના જીવવાનું કારણ... એના અસ્તિત્વનું અર્થઘટન! આમ પણ, આપણે વિચારીએ તો સમજાય કે માણસની ઓળખ માત્ર એના કામ કે નામથી નથી થતી, એની આસપાસના જગતથી થાય છે. એ કોઈકના મામા, કાકા, ભાઈ, પિતા, પતિ કે મિત્ર છે... સ્ત્રી કોઈકની મા, બહેન, પત્ની, પ્રેમિકા, કાકી, મામી... છે.

જ્યાં સુધી આપણી પાસે સફળતા નથી, પ્રસિદ્ધિ કે સંપત્તિ નથી ત્યાં સુધી આપણે સહુના મિત્ર છીએ, જ્યાં સુધી આપણી

પાસે સત્તા નથી ત્યાં સુધી આપણે સહજ અને નૉર્મલ રહી શકીએ છીએ. સહુ સાથે સારી રીતે વર્તી શકીએ છીએ, પરંતુ જેમ આપણે સફળ થતા જઈએ, આપણા કૉન્ટેક્ટ વધતા જાય કે આપણી પહોંચ ઊભી થતી જાય તેમ તેમ આપણે વધુ ને વધુ એકલા પડતા જઈએ છીએ. આ એકલતાનું કારણ આપણી વ્યસ્તતા નથી, આપણી વ્યર્થતા છે! આ દુનિયામાં ઘણા બિઝી માણસો હોય છે, પરંતુ એ બધા જ પોતાના મિત્રો માટે, પરિવાર માટે કે પોતાને ગમતી વ્યક્તિ માટે સમય કાઢી જ લે છે. આવો સમય આપણો પોતાનો સમય છે, જે આપણને આપણી જાતની નજીક રાખે છે. સમય સમયાંતરે આવી રિયાલિટીને ચેક કરતાં રહેવું જરૂરી છે. ઊંચે ઊડનારો દરેક માણસ જ્યારે નીચે જુએ છે ત્યારે એને બધા ખૂબ નાના લાગે છે, પરંતુ એ તો નજરનો ભેદ છે, દૃષ્ટિનો ભ્રમ માત્ર! એ લોકોની સાઇઝ ખરેખર ઘટી નથી, એની સમજણ નીચે ઊતરીએ ત્યારે જ આવતી હોય છે. ઊડતી વખતે ઊડવાનો આનંદ અચૂક લેવો પરંતુ નીચે તો ઊતરવું જ પડશે એ સત્ય ક્યારેય ભૂલવું નહીં...

આપણે બધા એમ માનીને ચાલીએ છીએ કે આપણને કોઈની જરૂર નથી. ખરેખર દરેક વ્યક્તિને કોઈકની જરૂર છે. સાથે હસવા, રડવા, ઝઘડવા, ફરિયાદ કરવા ને ફરિયાદ સાંભળવા, ગમા-અણગમા અભિવ્યક્ત કરવા કોઈક તો જોઈએ છે. મજાની વાત એ છે કે આપણે બધા ધીમે ધીમે સામેની વ્યક્તિને બિનજરૂરી અને સ્વયંને સૌથી મહત્ત્વના માનવા લાગીએ છીએ. આપણને ખબર પણ નથી પડતી એવી રીતે જગતની દરેક વ્યક્તિ સાથે આપણી હરીફાઈ શરૂ થઈ જાય છે. સ્વયંનું મહત્ત્વ પ્રસ્થાપિત કરવા આપણે બીજાને અપમાનિત કરતા થઈ જઈએ છીએ એનો આપણને પણ ખ્યાલ નથી આવતો. મિત્રો, પરિવાર કે પ્રિયજન ધીમે ધીમે આપણે માટે નકામા થવા લાગે છે. આપણને લાગવા માંડે છે કે આપણું કામ, આપણી પ્રસિદ્ધિ, આપણી સફળતા અને આપણી પાસે રહેલા કૉન્ટેક્ટ કે પહોંચને લીધે જ લોકો આપણી સાથે સંબંધ રાખે છે. લગભગ દરેક વ્યક્તિને આપણે શંકાની, ગણતરીની નજરથી જોતા થઈ જઈએ છીએ.

દ્રોણ અને દ્રુપદનો કિસ્સો મિત્રતાનો છે. સુદામા અને કૃષ્ણનો કિસ્સો પણ મિત્રતાનો છે... એકે સત્તાના મદમાં મિત્રનું અપમાન કર્યું. એને કલ્પના નહોતી કે જે અકિંચન બ્રાહ્મણનું અપમાન કરી રહ્યો છે એ પાંડવોનો ગુરુ થશે, ગુરુદક્ષિણાના બદલામાં પોતાનો પરાજય માંગશે. અત્યારે જે વ્યક્તિ જે સ્થિતિમાં છે એ જ સ્થિતિમાં રહેશે એવું માનવાની ભૂલ ક્યારેય ન કરવી, કારણ કે બ્રહ્માંડ ફર્યા કરે છે. પોતાની જ ધરી પર ફરતી પૃથ્વીના અક્ષાંશ બદલાય છે. બ્રહ્માંડના ગ્રહોની સ્થિતિ બદલાય છે... તો વ્યક્તિની પરિસ્થિતિ નહીં બદલાય? આપણે બધા એમ માનીને ચાલીએ છીએ કે આજે આપણી જે સ્થિતિ છે તે કાયમ

રહેશે, એવું પણ નહીં જ થાય! મોટા ભાગના લોકોને સફળતાનો સ્વાદ ખૂબ ભાવે છે, પરંતુ એમને એ નથી સમજાતું કે ગમે તેટલી ભાવતી વસ્તુ સતત ન ખાઈ શકાય, માત્ર એ જ વસ્તુ ન ખાઈ શકાય!

એ સિવાયનો એક મહત્ત્વનો મુદ્દો એ છે કે વ્યક્તિ જ્યારે સફળ હોય, સત્તા પર હોય, બીજાને મદદ કરી શકે એમ હોય ત્યારે મોટા ભાગની વ્યક્તિઓને એવી અપેક્ષા હોય છે કે સામેની વ્યક્તિ નીચી નમીને મદદ માંગે. આનાથી વધુ નિમ્ન કક્ષાનો વિચાર બીજો કોઈ હોઈ જ શકે નહીં. 'કોઈ માંગે તો આપું' એમ વિચારતી દરેક વ્યક્તિ પોતાના અહંકારને પંપાળવા માટે સામેની વ્યક્તિનું અપમાન ઝંખે છે. જગતની કોઈ સત્તા, સફળતા, સંપત્તિ કે સગવડ માણસના સન્માનથી વધુ મોટી હોઈ શકે નહીં. આપણે બધા જ ધીરે ધીરે એક એવા જગતમાં પ્રવેશ કરી રહ્યા છીએ જ્યાં બીજાને કાપવા, અટકાવવા, તોડી પાડવા કે એને આગળ વધવામાં નડી જવું એ જ જાણે આપણી સફળતા કે આપણા ઍમ્બિશનનો પર્યાય છે. આટલા વિશાળ જગતમાં આટલાં વૃક્ષો ઊગે છે, આટલાં ફૂલો ખીલે છે, આટલા તારા આખું આકાશ ભરી દે છે, પરંતુ એમાંનું કોઈ ફૂલ, કોઈ વૃક્ષ કે કોઈ તારો બીજાના તેજ, સુગંધ કે ઊંચાઈને ઘટાડીને પોતાનું મહત્ત્વ સ્થાપિત કરવાનો પ્રયત્ન નથી કરતું. એમની પાસે પોતાની સુગંધ છે, પોતાનું તેજ અને પોતાની હરિયાળી છે, પોતાની ઊંચાઈ છે. એણે બીજા સાથે હરીફાઈ કરવાની જરૂરત જ નથી. લીમડાનું વૃક્ષ નીલગીરી સાથે હરીફાઈ નથી કરતું... ગુલાબનું ફૂલ રાતરાણી સાથે હરીફાઈ નથી કરતું, પણ માણસ અચૂક બીજા માણસ સાથે હરીફાઈ કરે છે. જીતવાના આનંદ કરતાં હરાવવાનો આનંદ મોટો છે?

સફળતા, સિદ્ધિ કે પ્રસિદ્ધિ જાતે નક્કી કરવાની વસ્તુ જ નથી, બીજા જ્યારે આપણને સફળ કે પ્રસિદ્ધ માને ત્યારે આપણે સાચા અર્થમાં સફળ કે પ્રસિદ્ધ છીએ. કોઈને આપણી સત્તાથી લાભ થાય તો એ સત્તાની મહાનતા છે. કચડવા માટે કે અપમાન કરવા માટે સત્તા કે પ્રસિદ્ધિનો ઉપયોગ થઈ શકે છે, શરૂઆતમાં એમાં ફાયદો પણ દેખાય છે. દેવકીનાં સાત સંતાનોને મારી નાખ્યાં ત્યાં સુધી કંસ સફળ જ હતો. મહત્ત્વનું એ છે કે આઠમું સંતાન એના મૃત્યુનું કારણ બન્યું, ત્યારે એની સત્તા, સફળતા કે શક્તિ કશુંય એના કામમાં ન જ આવ્યું. માણસ જેમ સફળ થતો જાય છે તેમ અસલામત થતો જાય છે. મોટા ભાગના લોકોને આ સફળતા, સિદ્ધિ, પ્રસિદ્ધિ કે સત્તાનો સ્વાદ એવો તો ચટકે છે કે પછી એમનાથી આ બધું છૂટતું જ નથી. અસલામતીની ભાવના માણસ પાસે અજાણતાં જ ગણતરીઓ કરાવે છે, રમતો રમાડે છે, કાવાદાવા, ખટપટ અને સામ-દામ-દંડ-ભેદના ખેલ કરાવે છે. અગત્યનું એ છે કે જો આપણને સ્વયંમાં વિશ્વાસ હોય તો બીજાને પછાડવા કે ખસેડવાને બદલે માણસે પોતાનો રસ્તો કંડારવો

જોઈએ. પાછળની કેટલીયે પેઢીઓ આ રસ્તા પર ચાલે અને રસ્તો કંડારનારને યાદ કરે એ સાચી સફળતા છે, નહીં કે રસ્તામાં આવતી દરેક ચીજને ઉડાડીને ધ્યેય સુધી પહોંચવાની ઉતાવળ!

જે લોકો આવી રીતે આગળ વધે છે, બીજાને પછાડીને, હરાવીને, કાવાદાવા કરીને... એમના વિશે અન્ય લોકોને ખબર હોય કે નહીં, પણ એમને પોતાને તો ખબર જ છે કે એ માત્ર પ્રામાણિકતા અને આવડતના જોરે અહીં નથી પહોંચ્યા. એમની અસલામતી ખૂબ વધારે હોય છે. બીજા કોઈને પણ એ પોતાનાથી વધુ ટૅલેન્ટેડ કે લોકપ્રિય સ્વીકારી શકતા નથી. બને ત્યાં સુધી આવા લોકો બીજાનાં પત્તાં કાપીને પોતાનાં ગોઠવવામાં માહિર હોય છે. પોતાનાં પત્તાંની કે પોતાના અસ્તિત્વની આગવી જગ્યા ઊભી કરવાનું ઝનૂન કે ઝળહળાટ આવા લોકો પાસે હોતો નથી. ઉધાર લીધેલો પ્રકાશ જ્યાં સુધી ચાલે ત્યાં સુધી જરૂર ચાલે છે, પરંતુ સમય સાથે આવા લોકોનો ગિલેટ ઊતરે છે...

જે સોનું છે તે મોંઘું છે, સહુ માટે ઉપલબ્ધ નથી, પણ જે પારખુ છે તે પૈસા બચાવીને, થોડી કરકસર કરીને પણ ખરીદશે તો સોનું જ. એ વાત આવા અસલામત અને ઈર્ષાળુ લોકો ભૂલી જાય છે. ઇમિટેશનના કેટલાય દાગીના બજારમાં આવે અને એમાં કેટલીય નવી ફૅશન દરરોજ ઇન્ટ્રોડ્યૂસ થાય તો પણ સદીઓથી સોનાનું જે મહત્ત્વ છે તે ઘટી શક્યું નથી... ઇમિટેશન જ્વેલરી પોપ્યુલર થઈ જાય, વધુ વેચાય - કારણ કે સસ્તી છે, પણ સસ્તી વસ્તુનું મૂલ્ય કે કાળજી પણ એના જેવાં જ હોય. સોનાની વસ્તુ સાચવીને કબાટમાં મુકાય જ્યારે ઇમિટેશન જ્વેલરી ટેબલ પર પડી રહે!

નક્કી આપણે જ કરવાનું છે, સફળતાની દોડમાં મિત્રો, પરિવાર અને પ્રિયજનને પાછળ છોડી દેવા છે? જે આપણી સાથે હતા એને મારી, પછાડીને આગળ જવું છે કે સહુને સાથે લઈને નિશ્ચિત ગંતવ્ય પર પહોંચીને પ્રવાસનો અને આવી પહોંચ્યાનો આનંદ સહુની સાથે ઊજવવો છે!